# મોડાસા શહેરમાં જળબંબાકાર : એક જ રાતમાં ૧૦ ઈંચ વરસાદ

મોડાસા તા.૧૯

ગઈ કાલે સાંજ થી મોડાસા શહેર ઉપર જાણે મેઘરાજા મહેરબાન હતા

અરવલ્લી જીલ્લા માં ગઈકાલ સાંજ થી મેઘરાજા એ વરસવાનુ શરૂ કર્યુ છે ત્યાર થી લોકો માં ખુશી નુ મોજુ ફરી વળ્યુ હતુ પરંતુ છેલ્લા ચાર કલાક માં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં તંત્ર ના પ્રી મોન્સુન પ્લાન પર પાણી ફરી વળ્યુ હતુ અને મોડાસા ની મોટાભાગની સોસાયટીઓ

## પાણી ભરાયેલા વિસ્તારની મુલાકાતે કલેકટર બી. જે. ભટ્ટ

ગઈકાલે સવારથી લઈ ને સાંજ સુધી મોડાસા શહેર માં સાંબેલાધાર વરસાદ વરસતા ૧૦ ઈંચ જેટલા વરસાદ ખાબકી જતાં સમગ્ર મોડાસા શહેર ના વિસ્તાર પાણી માં ઘરકાવ થઈ ગયા હતા જેને લઈ ને જીલ્લા કલેકટર તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા જીલ્લા કલેકટર સાથે મોડાસા ના એસ.ડી.એમ.મામલતદાર નગરપાલિકા ના ચીફ ઓફીસર તથા નગર પાલિકા ના પ્રમુખ તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા અને પાણી ના નીકાલ માટે તાબતોબ મશીનરી કામે લગાડી હતી જયારે કલેકટર દ્રારા તંત્ર નો બચાવ કરતા કહયુ હતુ કે મોડાસા શહેર ની ભૌ ગોલીક પરીસ્થીતી એવી છે કે નીચાણ વાળા વિસ્તારો માં પાણી ભરાઈ જાય છે




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ભારે વરસાદને કારણે મોટાભાગની સોસાયટીઓમાં પાણી ભરાયા

થયા હોય તેમ મોડાસા શહેર માં મુશળધાર વરસાદ તુટી પડયા હતો જે એક જ રાત માં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકવાને કારણે મોડાસા શહેર ની મોટાભાગ ની સોસાયટી ઓ માં તેમજ ઘરો માં પાણી ભરાઈ ગયા બસસ્ટેન્ડ તેમજ શોપીંગ સેન્ટરો તથા માર્ગો ઉપર પાણી ભરાઈ ગયા હતા

મોડાસા ની મોટાભાગ ની મોટાભાગની સોસાયટીઓ જાણે બેટમાં ફેરવાઈ ગઈ હોય તેવુ દશ્યમાન થઈ રહયુ હતુ. જેમાંકોલેજ રોડ, અમનપાર્ક, મખદુમપાર્ક, ટ્રાન્સપોર્ટ નગર ગરીબનવાઝ સોસાયટી તથા રામપાર્ક, રત્નમ, ઓધારીનગર વિદ્યાકુંજ સોસાયટી તથા બસ સ્ટેન્ડ શોપીંગ સેન્ટરો શાળાઓ ઠેર ઠેર બસ પાણી જ પાણી દેખાતુ હતુ જયારે મોડાસા શહેર ના મુસાફરોની હાલત સટીમર માં મુસાફરી કરતાં હોય તેવુ દેખાઈ રહયુ હતુ જયારે લોકો ની મુશ્કેલી એટલી બધી વધી ગઈ છે અને એમા પણ મુસ્લીમ વિસ્તારોમાં હાલ પવિત્ર રમજાન માસ ચાલતો હોઈ ગઈ સાંજે ઘરોમાં પાણી ભરાઈ જતા હાથ માં ડીસ લઈ ઈફતારી કરવાનો વારો આવ્યો હતો

બીજી બાજુ નગરપાલીકા ના સત્તાધીશો દ્વારા ચોમાસા અંગે પરી મોન્સુન પ્લાન બનાવાની ગુલબાંગો પોકારાઈ રહી છે ત્યારે આ ગુલબાંગો ની પોલ માત્ર ચાર કલાક ના વરસાદે જ દોલી નાખી છે જો કેદારનાથ ની જે મોડાસા માં આભ ફાટે તો મોડાસા નુ શુ?????

## ભિલોડા નજીક રીંટોડા ગામે વર્ષો જુના વડલાનું ઝાડ ધારાશાયી : વાહન વ્યવહાર ખોરવાયો

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર રીંટોડા ગામ પાસે વર્ષો જુના વડલાનું ઝાડ ધારાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો.વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.વાહનોની લાંબી-લાંબી કતારો જોવા મળતી હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ભિલોડા માર્ગ અને મકાન વિભાગ નાયબ ઈજનેર એસ.જી.પટેલ,ભાવિનભાઈ તબીયાર અને સ્ટાફ પરીવાર ધ્વારા જે.સી.બી. મારફતે વડલાનું ઝાડ માર્ગ ઉપરથી હટાવવામાં આવતા વાહન ચાલકો, પ્રજાજનો, રાહદારીઓએ હાશકારો અનુભવ્યો હતો.ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાયેલો રહેતાં ગ્રામ્યવિસ્તારોના લોકો સંપર્ક વિહોણા બનતા હાલાકી ભોગવવી પડી હતી.




તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

## ધનસુરામાં ધોળેદાડે રૂ. ૧.૮૦ લાખ રકમ ભરેલી બેગની ચિલઝડપ

### બાઈક પર આવેલા બે ઈસમોએ વેપારીને ધક્કો મારી બેગ ઝુટવી પળવારમાં જ પલાયન થઈ ગયા

ધનસુરા, તા. ૧૯

ધનસુરાની બેંક ઓફ બરોડામાંથી રૂ. ૧.૮૦ લાખની રકમ ભરેલી બેગ લઈ નીકળેલા વેપારી પાસેથી બાઈક પર આવેલા બે ઈસમો રૂપિયા ભરેલ બેગની ચીલઝડપ કરી છૂ થઈ ગયા હતા. આ ચીલઝડપની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ધનસુરા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે ધનસુરા માર્કેટયાર્ડના વેપારી અશોકભાઈ પરસોત્તમદાસ પટેલ આજે સવારે ધનસુરાની બેંક ઓફ બરોડા ખાતે પૈસા ઉપાડવા આવ્યા હતા. જ્યાંથી વેપારીએ રૂ. ૧.૮૦ લાખની રકમ ઉપાડી થેલામાં નાખી હતી. બાદમાં બેંકમાંથી તેઓ પરત થઈ રહ્યા હતા. બેંકની બહાર નિકળતા જ અચાનક જ બાઈક પર આવેલા બે ઈસમોએ વેપારીને ધક્કો મારી તેમની પાસે રહેલી નાણા ભરેલી બેંક ઝુટવી બાઈક લઈ પળવારમાં જ ગુમ થઈ ગયા હતા. આ સંદર્ભે ધનસુરા પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. બારોટે તાત્કાલિક નાકાબંધી કરી હતી. પરંતુ લુંટારાઓનો કોઈ પત્તો ન લાગ્યો હતો. ધનસુરા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તલોદમાં દર્દીઓથી દવાખાના ઉભરાયા

### સીવીલ હોસ્પિટલમાં તબીબો અને દવાઓની અછતથી દર્દીઓ પરેશાન : ખાનગી દવાખાનાઓની સારવાર લેવા મજબૂર બન્યા

તલોદ, તા.૧૯

તલોદમાં વરસાદી માહોલ જાતા દર્દીઓથી દવાખાના ઉભરાવા લાગ્યા છે. ઠેર ઠેર તાવ, માથુ દુખવું, મેલેરીયા, વાયરસ, ચિકનગુનિયા અને ટાઈફોઈડના કેસો તલોદની રેફરલ હોસ્પિટલમાં વધી જવા પામ્યા છે. પરંતુ આ હોસ્પિટલમાં હાલ તબીબોની અછત હોવાથી દર્દીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. અને ખાનગી દવાખાનામાં મોંઘીદાટ તબીબી સેવાઓ લેવા મજબૂર બન્યા છે. તલોદ નગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે એક માત્ર તલોદની રેફરલ હોસ્પિટલ જ એક માત્ર ઓથાર હોવાથી અને તેમાં પણ તબીબોની અછત હોવાથી અસંખ્ય દર્દીઓ કેસો કઢાવવા અને ડોકટરને બતાવવા લાંબી કતારોમાં ઉભા રહી પરેશાન થઈ રહ્યા છે.

તલોદની રેફરલ હોસ્પીટલમાં દવાઓ ઉપરાંત તબીબોની પણ અછત છે આ સંજોગોમાં દર્દીઓને બહારથી મોંઘા ભાવની દવાઓ ખરીદવી પડી રહી છે. વળી સરકારી તબીબો અસુવિધા અને અછતના કારણે યોગ્ય સારવાર ન આપી શકતા દર્દીઓ સીવીલ હોસ્પિટલથી દૂર ભાગી રહ્યા છે. ખાનગી હોસ્પિટલો આ કારણે દર્દીઓ પાસેથી મોં માંગ્યા દામ ખંખેરી લઈ રહ્યા છે. પરંતુ લાચાર દર્દીઓ પાસે બીજો કોઈ ઓવારો નથી. આ ઉપરાતં તલોદની લેબોરેટરી વાળાઓ પણ કેટલાક રોગોના નિદાન માટે ટેસ્ટ રીપોર્ટસ માટે અમદાવાદ અને હિંમતનગરના ભાવો મુજબ ચાર્જ વસુલતા દર્દીઓ અચંબોપામી રહ્યા છે.

વળી ચોમાસાના આ વાતાવરણમાં તલોદમાં ચાલી રહેલા ગટરકામના કારણે તુટેલા પાઈપો પીવાના પાણીમાં ભળી જતા રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. તલોદની સીવીલ હોસ્પિટલમાં તબીબોની અને દવાઓની અછત અંગે સત્વરે નિકાલ લાવવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

## તલોદ ગામમાં હેલ્થ એજયુકેશન હોલનો કોટ ૭ માસમાં જ પડી ગયો

તલોદ, તા.૧૯

તલોદ ગામના તળાવ કિનારે તલોદ નગરપાલિકાએ બંધાવેલા હેલ્થ એજયુકેશન હોલના કોટની એક દિવાલ પહેલા વરસાદમાં જ પડી જતાં પાલિકાના લાખો રૂપિયા પડી ગયા હોય તેવું દેખાય છે. ૬ મહિના પહેલાં બનેલો આ કોટ ભાંગીને ભુક્કો થઈ જતાં તે બનાવવામાં કેવી ખાયકી થઈ હશે તે જોવા જેવી વાત છે. કોન્ટ્રાકટરની ભૂલ કે ટકાવારીનો લોભ આ કોટ માટે જવાબદાર ગણાય તેવું દેખાય છે.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

તલોદમાં નગરપાલિકા દ્વારા બંધાયેલા આ હોલના કોટની આખી મોટી તોતીંગ ભીંત સામાન્ય વરસાદમાં જ તૂટી પડતાં તે બાબતે સરકાર તપાસ કરાવે તો ઘણું બધું બહાર આવે તેમ છે. તલોદ ગામની ભાગોળે અને મઢુલીની જોડે નગરપાલિકાએ મોટો હોલ બંધાવ્યો છે. તળાવના કિનારે જ આ હોલ અને તેનો કોટ બાંધી દીધો છે. આ કોટનો પાયો ધોવાઈ જતાં આખો કોટ પડી જતાં પાલિકાના કોંગ્રેસના કોર્પોરેટરોએ આ નુકશાન માટે તપાસ કરાવવા ઉધામા કર્યા છે. આ કોંગ્રેસના કોર્પોરેટરોએ આ કોટમાં રેતી, સિમેન્ટ જેવો બધો માલ ચાલુ વાપરવામાં આવે છે તેવું ચીફ ઓફિસરને ફેબ્રુઆરીમાં લખીને આપ્યું હતું પણ તે બધું બધા ધોઈ પી ગયા છે. તલોદ ગામના હોલના પડી ગયેલા કોટની દશા જોઈને લોકો ચોંકી ગયા હતા. ઉપલા લેવલથી આની તપાસ કરાવી જવાબદારોને પાઠ ભણાવવા નિર્ણય કરવો જોઈએ તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

## પાલનપુર મુકામે જીલ્લા સંકલન અને નાગરિક પુરવઠા સમિતિની બેઠક યોજાઈ



પાલનપુર, તા.૧૯

પાલનપુર મુકામે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. પટેલના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ તથા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં નજીકના સમયમાં યોજાનાર લોકદરબાર, ચિંતન શિબિર અને ગરીબ કલ્યાણ મેળાઓ જીલ્લા તથા તાલુકા કક્ષાએ યોજવા જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિસ્તૃત માર્ગદર્શન અને સુદઢ આયોજન કરવા અધિકારીઓને સુચના આપી હતી. ગતિશીલ ગુજરાત અંતર્ગત જીલ્લામાં દરેક ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થાય તેમજ દરેક લાભાર્થીઓને સરળતાથી તમામ લાભ મળે તેની કાળજી રાખવા શ્રી એચ. કે. પટેલે અધિકારીઓને સંગીન આયોજન કરવા તથા વિશાળ લોકહિતમાં ઉપયોગી નિવડે તેવાં સુચનો કરવા પણ જણાવ્યું હતુ. નાગરિકોને આધારકાર્ડ આપવાની કામગીરી ઝુંબેશ દ્વારા સારી રીતે પૂર્ણ કરવા શ્રી એચ. કે. પટેલે જણાવ્યુ હતુ. ચોમાસાની સીઝન હોવાથી કયાંય પાણીનો ભરાવો ન થાય કે લોકોને તકલીફ ન પડે તેની વિશેષ કાળજી રાખવા શ્રી પટેલે સંબંધીત અધિકારીઓને સુચના આપી હતી.

અધિક કલેકટરશ્રી ડી. એ. શાહે જણાવ્યુ કે, તાલુકા અને જીલ્લા કક્ષાએ સરકારી કચેરીઓ માટે જમીનની જરૂરીયાત હોય તેવા અધિકારીઓએ તાકીદે કલેકટરશ્રીની કચેરીમાં દરખાસ્ત રજુ કરવી તેમણે કહ્યુ કે, લોકદરબાર, ચિંતન શિબિર અને ગરીબ કલ્યાણ મેળાઓ જેવા કાર્યક્રમો માટે દરેક અધિકારીઓએ જરૂરી માહિતી સમય મર્યાદામાં કલેક્ટરશ્રીની કચેરીમાં પહોંચાડવી. શ્રી શાહે આ કાર્યક્રમના આયોજનની વિગતો આપી હતી.

બેઠકમાં ઉપસ્થિત ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના જનરલ મેનેજરશ્રી કાપડીયાએ જણાવ્યુ હતુ કે દરેક શાળાઓ અને કોલેજોમાંથી જ હવે વિધાર્થીનીઓને મુસાફરીના પાસ મળશે. કોઈપણ સ્કૂલની વિધાર્થીનીઓ આ સુવિધાથી વંચિત ન રહે તે માટે અધિકારીઓને તેમણે અનુરોધ કર્યો હતો.

## ધનસુરામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

### ગઈ રાતે એક સાથે ૫ ઈંચ વરસાદ થતાં ખેડૂતો ખુશખુશાલ

ધનસુરા, તા. ૧૯

ધનસુરામાં ગઈ રાતે મેઘરાજા જાણે મન દઈને વરસ્યા હોય તેમ એક રાતમાં ૫ ઈંચ વરસાદ થતાં ધરતી પુત્રોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. ધરતીપુત્રોએ મેઘરાજાની વધામણી કરી ખેતરોમાં વાવેતરની તૈયારીઓ શરૂ કરી દીધી છે. લાંબા સમય સુધી રાહ જોવડાયા પછી મેઘરાજાએ ગઈકાલે ધમાકેદાર એન્ટ્રી કરતા ધરતીપુત્રોએ રાહતનો દમ ખેંચ્યો હતો. આ વરસાદથી તળાવો, કુવા અને જળાશયોની જળસપાટી પણ વધવા લાગી છે. જો કે ધનસુરામાં અત્યાર સુધી મોસમનો કુલ વરસાદ ૮ ઈંચ થયો છે જે ગયા વર્ષ કરતા અડધો જ છે.

## મહિયલ ગામની દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન, વાઈસ ચેરમેન બિન હરિફ ચુંટાયા

તલોદ, તા. ૧૯

તલોદ તાલુકાના મહિયલ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સામાન્ય સભા યોજવામાં આવી હતી. સભામાં ચેરમેનની ટર્મ પૂરી થતા નવા ચેરમેનની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં ચેરમેન પદે યુવાન સંજયસિંહ તિરથસિંહ ઝાલા અને વાઈસ ચેરમેન પદે ગોપાલસિંહ કાનસિંહ ઝાલા સર્વાનુમતે બિન હરિફ વરણી કરવામાં આવી હતી. આ બન્ને હોદ્દેદારોની વરણીની સાથે મંડળીના આંતરિક ઓડીટર તરીકે દલપતસિંહ પ્રતાપસિંહ ઝાલા સતત બિજીવાર વરાયા હતા. ચુંટાયેલા હોદ્દેદારોને સભાસદો અને ગામના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## ભિલોડા આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું.કોલેજમાં સેતુ કાર્યક્રમ અને પ્રવેશોત્સવ યોજાયો

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું.કોલેજમાં સેતુ કાર્યક્રમ અને પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કલેક્ટર બી.જે.ભટ્ટ,ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ,સહમંત્રી નયબનાબેન બારોટ,આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું કોલેજ આચાર્ય રમેશભાઈ ભુટકા તેમજ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યો,સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.અરવલ્લી જીલ્લા કલેક્ટર બી.જે.ભટ્ટએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ હંમેશાં ખુબ ભણી આગળ વધવું જોઈએ તેમ જણાવ્યું હતું.આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું.કોલેજના વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી ગોળ-ધાણા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું.એમ.એસ.ડબલ્યું.કોલેજના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

## બેંક ઓફ બરોડા દ્વારા પાલનપુર મુકામે રક્તદાન કેમ્પ યોજાયો

બેન્ક ઓફ બરોડાના ૧૦૭માં સ્થાપના દિન નિમિત્તે પાલનપુર મુકામે લાયન્સ કલબ, પાલનપુર અને ભૂમિ બ્લડ બેંક પાલનપુરના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્ક ઓફ બરોડાની સ્થાપનાને ૧૦૬ વર્ષ પૂર્ણ થયા છે તે નિમિત્તે યોજાયેલ રક્તદાન કેમ્પમાં કુલ ૭૦ દાતાઓએ રક્તદાન કર્યુ હતું. આ -સંગે બેન્કના ચીફ મેનેજરશ્રી એસ. એમ. ટેલરે જણાવ્યુ હતુ કે બેંક ઓફ બરોડા બેંકીગ સેવાની સાથે સાથે સામાજીક દાયિત્વ નિભાવવામાં પણ અગ્રેસર છે. આ -સંગે લાયન્સ કલબ પાલનપુરના -મુખશ્રી યાસીનભાઈ બંગાલાવાલા, બેન્ક ઓફ બરોડા પાલનપુર મુખ્ય શાખાના ચીફ મેનેજરશ્રી એસ. એમ. ટેલર, શ્રી સમીરભાઈ પોલરા, શ્રી કરશનભાઈ માંગરોડા, શ્રી એસ. એસ. રાજગોર, બેંકનો સ્ટાફ તેમજ સારી સંખ્યામાં રકતદાતાઓ ઉપસ્થિત રહ્યાં હતા.




ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧